દિવ્ય ભાસ્કર, ગાંધીનગર ભાસ્કર. પાના નં. - ૦૨

તારીખ - ૨૨/૧૧/૨૦૨૫.

### નવી આવનારી 100 ઈ- બસના સંચાલન અને રૂટ તૈયાર કરવા મહાનગરપાલિકા દ્વારા કવાયત

# લોકોને ઘરથી 200 મીટરના અંતરે ઇ- બસ મળશે, મેટ્રો- રેલવે સ્ટેશન સાથે ખાસ કનેક્ટિવિટી અપાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર.

ગાંધીનગરમાં પહેલીવાર સિટી સર્વિસમાં ઈલેક્ટ્રિક બસ દોડશે. પીએમ ઈ-બસ યોજના હેઠળ શહેરને 100 બસ ફાળવાઈ છે. ટૂંક સમયમાં આ બસ મહાનગરપાલિકાને મળશે. હાલ રૂટ અને સંચાલન માટે માળખું તૈયાર થઈ રહ્યું છે. મહાનગરપાલિકા સેક્ટરોના આંતરિક રસ્તા અને ટીપી વિસ્તારોને આવરી લે તે માટે પ્રયાસ કરી રહી છે. લોકોના ઘરની નજીક બસ મળે તે માટે રૂટ અને સ્ટોપ 100થી 200 મીટરના અંતરે રાખાશે.

ઈ-બસના સંચાલન માટે મહાનગરપાલિકાએ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (એસપીવી) બનાવ્યું છે. હાલ ખાનગી કંપની દ્વારા સંચાલિત બસ સેવા છે પરંતુ તે સેક્ટરોમાં જતી નથી. હવે મહાનગરપાલિકા ઈ- બસ સેવાનું સંપૂર્ણ સંચાલન પોતાના હસ્તક રાખશે. તમામ નિર્ણયો એસપીવી દ્વારા લેવામાં આવશે. નવા રૂટ નક્કી કરવા માટે ટૂંક સમયમાં સર્વે હાથ ધરાશે. વધુમાં વધુ લોકોને લાભ મળે તે રીતે રૂટ નક્કી કરાશે.

ગાંધીનગરમાં લાંબા સમયથી લોકલ ટ્રાન્સપોર્ટની ઉણપ છે. ખાસ કરીને સેક્ટરોના અંદરના વિસ્તારો અને નવા ટીપી વિસ્તારોમાં લોકો રીક્ષા પર આધાર રાખે છે. મેટ્રો સેવા શરૂ થઈ છે, પણ મેટ્રો સ્ટેશન સુધી કનેક્ટિવિટી ન હોવાથી રિક્ષા લેવી પડે છે. રિક્ષાનું ભાડું વધારે હોવાથી રોજિંદા ઉપયોગ માટે પોસાય તેમ નથી. આ સમસ્યા દૂર કરવા માટે મહાનગરપાલિકા વ્યૂહાત્મક રીતે રૂટ નક્કી કરશે. મેટ્રો સ્ટેશન, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, સચિવાલય, સરકારી કચેરીઓ, પ્રવાસન સ્થળો અને અન્ય મહત્વના સ્થળો સાથે કનેક્ટિવિટી મળશે.

## પબ્લિક ટ્રાન્સપોર્ટનો મહત્તમ ઉપયોગ થાય તેવા પ્રયાસ કરાશે

લોકો વધુમાં વધુ પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે તે માટે પ્રયાસ થઈ રહ્યો છે. કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વેપારીઓને અનુકૂળ રહે તે રીતે રૂટ બનાવાશે. ઘરની નજીક બસ મળે તે માટે આયોજન થશે. દર 10 મિનિટે બસ મળે તેવી વ્યવસ્થા ગોઠવાશે. બસ સ્ટેન્ડ પણ યોગ્ય બેઠક વ્યવસ્થા અને યુનિક ડિઝાઈન સાથે તૈયાર કરાશે. » ગૌરાંગ વ્યાસે,
સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન

### તાલીમબદ્ધ ડ્રાઈવર બસ ચલાવશે

ગાંધીનગરમાં દિલ્હીથી ટૂંક સમયમાં 100 ઈ-બસ આવશે. જેની સાથે તાલીમબદ્ધ ડ્રાઈવર અને સ્ટાફ પણ દિલ્હીથી જ આવશે. તેઓને ગાંધીનગર શહેરની પ્રાથમિક ભૌગોલિક સમજ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવશે.

**ભાસ્કર ઈનસાઈડ**

### 6 મહિનામાં બસ દોડતી થશે

હડમતીયા ટીપી-9માં ઈ- બસ માટે ચાર્જિંગ સ્ટેશન અને ડેપો તૈયાર કરવામાં આવી રહ્યો છે. પ્રથમ 50 અને પાછળથી વધુ 50 બસની મંજૂરી મળતાં તેની ક્ષમતા વધારવામાં આવી રહી છે. આગામી ત્રણથી ચાર મહિનામાં આ કામગીરી પૂર્ણ થઈ જશે. 6 માસમાં શહેરના માર્ગો પર ઈ- બસ દોડતી થઈ જશે.